# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

---

અધિકારીશ્રી / કર્મચારીઓના પગારમાંથી
આવક વેરાની ગણતરી કરી સરખા હપ્તામાં
ઈન્કમટેક્ષની કપાત કરવા બાબત...

:: ઘણુ જ અગત્યનુ / ટોચ અગ્રીમતા ::

:: પ રિ પ ત્ર ::

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તેમજ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ / કર્મચારીઓના પગારબીલમાંથી કરપાત્ર આવકમાંથી આવક વેરા ( ઈન્કમ ટેક્ષ) ની નિયમો મુજબની ચકાસણી કરી કપાત કરવાની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીનાં ઉપાડ અને ચૂકવણા અધિકારીની છે.

ચાલુ વર્ષે ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીશ્રીઓ ધ્વારા વિવિધ કચેરીઓના ઈન્સ્પેકશન દરમ્યાન ધ્યાન પર આવેલ છે કે અધિકારી / કર્મચારીઓના પગારમાંથી છેલ્લા ત્રણ માસમાં આવક વેરાની કપાત વધુ કરવામાં આવે છે જેનાં કારણે ઈન્કમટેક્ષ વિભાગ તરફથી નોટીસો આપવામાં આવે છે જે આવક–વેરા નિયમો મુજબ યોગ્ય નથી. આથી સરખા ભાગે દર માસે આવક–વેરાની કપાત થાય તે બાબતે દરેક ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓએ ખાસ ધ્યાન આપવાનું રહેશે. આવતા નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ ના વર્ષમાં અધિકારી / કર્મચારીની થનાર વાર્ષિક આવક ધ્યાને લઈ તેની ઉપર નિયમોનુસાર આવક–વેરો ગણી ૧૧ સરખા માસિક હપ્તા મુજબ નિયમિત પણે આવક વેરા પગારબીલમાંથી કપાત કરવાનો રહેશે, જેથી માર્ચ મહિનામાં ઈન્કમટેક્ષના કારણે પગાર બીલ બનાવવામાં જે વિલંબ થાય છે તે નિવારી શકાય.

વધુમાં દરેક અધિકારી / કર્મચારીઓ પાસેથી આવતા નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં થનાર આવક ધ્યાને લઈ ઈન્કમટેક્ષની ગણતરી અંગેનુ ફોર્મ ભરાવી માર્ચ–૨૦૧૫ના પગાર બીલ સાથે જ રજુ કરવાનુ રહેશે, જો ફોર્મ ભરેલ નહી હોય અને સરખા હપ્તામાં આવક વેરો કાપવામાં આવેલ નહી હોય તો પગારબીલ પરત કરવામાં આવશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.

નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન દર માસે સરખા હપ્તામાં ઈન્કમટેક્ષની કપાત કરવા અને છેલ્લા મહિનામાં ( ફેબ્રુઆરી પેઈડ ઈન માર્ચ ) ઈન્કમટેક્ષની કપાત **" નહીવત "** થાય તે રીતે દરેક ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીએ આયોજન કરવાનું રહેશે.

સદરહુ પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

**વહીવટી–વ–હિસાબી અધિકારી**

જા.નં.નકૃયુ/વવહિઅ/બી.૨(૧)/ ૭૪૫–૯૪ /૨૦૧૫
તા. ૨૩ / ૦૩ / ૨૦૧૫

**નકલ રવાના :–**

૧: તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.
૨: તમામ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.
૩: અંગત મદદનીશ, હિસાબ નિયામકશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.